# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 19-01-2026 Day: Monday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## CM-ટેક્સટાઈલ પોલિસી-૨૦૨૪માં સુધારા માટે દિશા નિર્દેશ:

**મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ટેક્સટાઈલ પોલિસી-૨૦૨૪માં મહિલા સશક્તિકરણના આ અભિગમને વધુ વ્યાપક બનાવવા માટે ટેક્સટાઈલ પોલિસીની કેટલીક જોગવાઈઓમાં મહત્વપૂર્ણ સુધારા કરવાના દિશા નિર્દેશો આપ્યા છે.**

**નેશનલ રૂરલ લાઈવલી હુડ મિશન તથા નેશન અર્બન લાઈવલી હુડ મિશનમાં નોંધાયેલા કે અન્ય સ્વૈચ્છિક સ્વ સહાય જુથ જેમાં આજીવિકાના સમાન હેતુથી જોડાયેલી મહિલાઓના એક અથવા એકથી વધુ સેલ્ફ હેલ્પ ગ્રુપને ટેક્સટાઈલ પોલિસી અંતર્ગત લાભ મળી શકશે.**

**રાજ્યમાં મ્યુનિસીપલ એરીયાની હદમાં આવતા હોય તેવા ગારમેન્ટ, એપેરલ અને મેડઅપ્સ, સ્ટીચીંગ, એમ્બ્રોઈડરી તથા અન્ય એક્ટિવિટી સાથે સંકળાયેલા નોન પોલ્યુટીંગ ટેક્ષટાઈલ મેન્યુફેક્ચરીંગ એક્ટિવિટીવાળા એકમોને પણ આ ટેક્સટાઈલ પોલિસી-૨૦૨૪ની સહાયનો લાભ અપાશે.આ નિર્ણયને કારણે કુશળ/અર્ધકુશળ કામદારો માટે સ્થાનિક સ્તરે રોજગારની તકો વધશે.**

**-----------------------------------------------------------------------------------------**

## બાઈલ્ડ ઈગલ બ્રિગેડ દ્વારા વેટરન્સ આઉટરીચ રેલી:

ભારતીય સેનાની પરંપરાગત મૂલ્યો અને ગૌરવપૂર્ણ પરંપરાને અનુસરી ગઈકાલે ભુજ મિલિટરી સ્ટેશન ખાતે બાલ્ડ ઈગલ બ્રિગેડ દ્વારા વિશાળ પાયે વેટરન્સ આઉટરીચ રેલીનું

આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલીનો ઉદ્દેશ કચ્છ જિલ્લાના તમામ વિસ્તારોમાંથી આવેલા વેટરન્સ, વીર નારી, વિધવાઓ અને તેમના પરિવારજનો સુધી પહોંચીને પેન્શન તથા દસ્તાવેજ સંબંધિત પ્રશ્નો, આરોગ્ય સંબંધિત સમસ્યાઓનું નિરાકરણ લાવવું તથા સંરક્ષણ દળો તેમજ કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ હેઠળના હક અને લાભોની જાણકારી પ્રદાન કરવાનો હતો.

સર્વાંગી અને માનવકેન્દ્રિત અભિગમ અપનાવતા, આ રેલીમાં ભુજ તેમજ કચ્છ જિલ્લાના દુરસુદુર તાલુકાઓમાંથી આવેલા 1,000થી વધુ વેટરન્સ, વિધવાઓ, વીર નારી અને નેક્સ્ટ ઓફ કિનએ ઉત્સાહભેર ભાગ લીધો. સન્માન અને સંવેદનાની ભાવનાના રૂપે લાભાર્થીઓને તબીબી સહાય સાધનો અને જરૂરી ઉપયોગી વસ્તુઓ અર્પણ કરવામાં આવી.

રાજય સૈનિક બોર્ડ, જિલ્લા કાનૂની સેવા સત્તા, કોમન સર્વિસ સેન્ટર્સ, બેંકો, એક્સ-સર્વિસમેન કોન્ટ્રિબ્યુટરી હેલ્થ સ્કીમ સહીત આર્મી રિક્રૂટિંગ ઓફિસ તથા પેન્શન સંસ્થાઓના અધિકારીઓ દ્વારા વિશેષ સહાય કેન્દ્રો સ્થાપિત કરીને સ્થળ પર જ માર્ગદર્શન, સહાય અને ફરિયાદ નિવારણ કરવામાં આવ્યું હતું.

-------------------------------------------------------------------------------------------------

## કિડિયાનગર-માલગાડીના બે વેગન પાટા પરથી ઉતરી ગયા:

કચ્છના કિડીયાનગર સ્ટેશન પર ગઈકાલે સવારે ડાઉન લાઇનમાં જતી માલગાડીના બે વેગન પાટા પરથી ઉતરી જવાથી અપ અને ડાઉન બંને લાઇન પર રેલ વ્યવહાર પ્રભાવિત થયો હતો. આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી.

ગઈકાલે સવારે આઠ વાગીને પાંચ મિનિટે અપ અને ડાઉન બંને લાઇન પર સામાન્ય રેલ પરિચાલન પુનઃ શરૂ કરી દેવામાં આવ્યો છે. ઘટનાની જાણ થતાં જ રાહત ટ્રેન સ્થળ પર રવાના કરવામાં આવી હતી અને મંડળ રેલ પ્રબંધક પોતાના વરિષ્ઠ અધિકારીઓ સાથે સ્થળ પર પહોંચ્યા હતા.

-------------------------------------------------------------------------------------------------

## મહાત્મા ગાંધી કચ્છ પ્રવાસ શતાબ્દી વર્ષની ઉજવણીનું સમાપન:

મહાત્મા ગાંધીજીને કચ્છના પ્રવાસે આવ્યાને એકસો વર્ષ પૂર્ણ થયાં. આ ઐતિહાસિક યાત્રાની શતાબ્દી ઉજવણીનું વિધિવત સમાપન આગામી તા. 30 જાન્યુઆરીના શહીદ દિને આદિપુર ખાતે આવેલી ગાંધી સમાધિ ખાતે કરવામાં આવશે. આ અંગે મળેલી સમિતિની બેઠકમાં ગાંધી નિર્વાણ દિન (શહીદ દિવસ)ના સવારે આદિપુર ખાતે આવેલી ગાંધી સમાધિ ખાતે મહાત્મા ગાંધીના અસ્થિકુંભને પુષ્પાંજલિ અર્પણ કરી પ્રાર્થનાસભા યોજાશે. આ ઉપરાંત વિશેષ કાર્યક્રમ યોજાશે જેના દ્વારા ગાંધીજીની કચ્છ યાત્રાની શતાબ્દી ઉજવણીનું વિધિવત સમાપન કરાશે. એ પહેલાં સાઈકલયાત્રાનું પણ આયોજન કરાશે તેવુ જણાવાયુ હતું.

---------------------------------------------------------------------------------------------------

## નૂતન સ્વામિનારાયણ મંદિર ભુજ દ્વારા શ્રી શિક્ષાપત્રી દ્વિશતાબ્દી મહામહોત્સવ:

નૂતન સ્વામિનારાયણ મંદિર ભુજ દ્વારા અનેક વિવિધ સામાજિક અને ધાર્મિક આયોજન અને કાર્યક્રમોની સાથે આવતીકાલ થી તા. 24 મી જાન્યુઆરી સુધી પંચ દિવસીય `શ્રી શિક્ષાપત્રી દ્વિશતાબ્દી મહામહોત્સવ' ઉજવવાનું આયોજન કરવામાં આવેલ છે. આ પ્રસંગે શિક્ષાપત્રી પંચાહ પારાયણ જ્ઞાનયજ્ઞ, સંતો મહંતો ના વક્તવ્યો પોથીયાત્રા, શોભાયાત્રા, સ્થાપન પૂજન, શિક્ષાપત્રી પૂજન, અભિષેક, રંગોત્સવ સહિતના આયોજન કરાયા છે. આ ઉપરાંત રાત્રિના સાસ્કૃતિક કાર્યક્રમોમાં શિક્ષાપત્રી સભા, પ્રેરક ઉદ્બોધન સુખનું સરનામું, કીર્તન હાઉસિંગ, સત્સંગ હાસ્ય કુંભ વિગેરે કાર્યકમો યોજાશે.

---------------------------------------------------------------------------------------------------

## મહા મહિનાની નવરાત્રીનો પ્રારંભ:

આજ થી મહા મહિનાના નવરાત્રી પર્વનો પ્રારંભ થાય છે. વર્ષમાં ચાર નવરાત્રી પર્વ આવે છે. ચૈત્ર અને આસો નાં નવરાત્રી પર્વ માતાજીની પ્રત્યક્ષ પૂજા અર્ચના થાય છે, જ્યારે મહા અને અષાઢમાં આવતી નવરાત્રી ગુપ્ત નવરાત્રી કહેવાય છે. મહાની નવરાત્રીમાં દસ

**મહાવિદ્યા સ્વરૂપની પૂજા અર્ચનાનો મહિમા છે. પૂરા 25 વર્ષ પહેલાં મહા મહિનાના બીજા નોરતાની સવારે ભીષણ ભૂકંપ આવ્યો હતો તેની કારમી સ્મૃતિ તાજી થાય છે.**

**-----------------------------------------------------------------------------------------**

## ક્રિકેટ:

**ઈન્દોરમાં રમાયેલ મેચમાં ન્યુઝીલેન્ડની ટીમે ત્રીજી અને આખરી વન ડે મેચમાં ભારત ને 41 રન થી હરાવી શ્રેણી બે વિરુદ્ધ એક મેચ થી જીતી લીધી છે. ન્યૂઝીલેન્ડે પ્રથમજ વાર વન ડે શ્રેણીમાં જીત મેળવી છે. ન્યૂઝીલેન્ડના 7 વિકેટે 337 રનના જવાબમાં ભારતની ટીમ 296 કરી શકી હતી વિરાટ કોહલી એ સહુથી વધુ 124 રન કર્યા હતા. કોહલીએ વન ડે મેચમાં 54 મી સદી નોંધાવી હતી જ્યારે નીતીશ રેડીએ 53 અને હર્ષિત રાણાએ 52 રન કર્યા હતા.**

**-----------------------------------------------------------------------------------------**